# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-01-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## નાણામંત્રીએ આર્થિક સંવેક્ષણ 2025-26 રજૂ કર્યો

**નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ 2025-26 રજૂ કર્યો. આ દસ્તાવેજ મુખ્ય આર્થિક સલાહકારના માર્ગદર્શન હેઠળ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આર્થિક સર્વેક્ષણ દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અને ભવિષ્યના દૃષ્ટિકોણની વ્યાપક સમીક્ષા છે.**

**બાદમાં, ગૃહ પહેલી ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવ્યું, જેમાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરવામાં આવશે.**

**------------------------------------------------------------------------------------------**

## PM – સરકારે કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડા સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ હવે લાંબા ગાળાની પડતર સમસ્યાઓથી આગળ વધીને લાંબા ગાળાના ઉકેલો પર મજબૂતીથી આગળ વધી રહ્યો છે.**

**સંસદના અંદાજપત્ર સત્રના બીજા દિવસે આજે નવી દિલ્હીમાં સંસદ ભવન સંકુલમાં મીડિયાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, સરકારે કલ્યાણકારી યોજનાઓના છેવાડા સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, આગામી 25 વર્ષ, 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મહત્વપૂર્ણ રહેશે.**

**શ્રી મોદીએ કહ્યું કે, દેશ આગળ વધી રહ્યો છે ત્યારે આ સમય વિક્ષેપ નહીં, પરંતુ ઉકેલનો છે. તેમણે દરેકને દેશના વિકાસ માટે રચનાત્મક રીતે કાર્ય કરવા વિનંતી કરી.**

**-------------------------------------------------------------------------------------------------**

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારના અંતિમ સંસ્કાર

**દરમિયાન મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર આજે બારામતીમાં સંપૂર્ણ રાજય સન્માન સાથે કરવામાં આવ્યા હતા.**

**-------------------------------------------------------------------------------------------------**

## પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે પોપ્યુલર ચોઇ એવોર્ડ જીત્યો

**નવી દિલ્હીના કર્તવ્ય પથ પર આયોજિત 77મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ચોથા વર્ષે "પોપ્યુલર ચોઈસ એવોર્ડ" જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. આ વર્ષે 'સ્વતંત્રતા કા મંત્ર: વંદેમાતરમ' થીમ પર આધારિત ટેબ્લોએ કુલ મતદાનના 43% મત મેળવી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જ્યારે બીજા ક્રમે રહેલા ઉત્તર પ્રદેશને 9% મત મળ્યા હતા.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સિદ્ધિને ગૌરવપૂર્ણ ગણાવતા માહિતી વિભાગને અભિનંદન પાઠવ્યા હતા. ટેબ્લોમાં વંદે માતરમ્ ચળવળથી લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભરતાના મંત્ર સુધીની વિકાસયાત્રા દર્શાવવામાં આવી હતી.**

**ઉલ્લેખનીય છે કે, વર્ષ 2023માં 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત, 2024માં '"ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ' અને 2025માં "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ'  થીમ બાદ આ વર્ષે પણ ગુજરાતે પોતાની શ્રેષ્ઠતા જાળવી રાખી છે.**

**-------------------------------------------------------------------------------------------------**

## PGVCL ડિસકનેકશન કાર્યવાહી

પૂર્વ કચ્છ વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા ગઇકાલે મેગા વીજ કનેકશન ડિસકનેકશન ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઇવ અંતર્ગત ઉદ્યોગો, કોમર્શિયલ વીજ કનેકશનોના ફિઝિકલ ડિસકનેકશનની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં ભચાઉ, સામખિયાળી, ગાંધીધામ, આદિપુર, રામબાગ, મેઘપર તથા અંજાર પેટા વિભાગીય કચેરીઓના વિસ્તારમાં બહારથી આવેલી **42** ટીમો અને સ્થાનિક **51** ટીમો એમ મળી કુલ **93** ટીમો દ્વારા આશરે **648** વીજ જોડાણો ડિસકનેકશન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીને પગલે ગ્રાહકો દ્વારા કચેરીઓમાં **KYC** માટે જરૂરી આધાર, પુરાવા, સિક્યુરિટી ડિપોઝિટ, રિ-કનેકશન ચાર્જ વગેરે ભરી વીજ પુરવઠાની પુન: જોડાણ કામગીરી હાથ ધરાઇ હતી.

---------------------------------------------------------------------------------------

## મુન્દ્રા ખાતે નારી સંમેલન

ગુજરાત રાજ્ય જિલ્લા આયોગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ગત **24** મીએ મુન્દ્રાના અહિંસાધામ ખાતે નારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ મહિલાઓને નારી અદાલતની કાર્ય પદ્ધતી, મહિલા સશક્તિકરણ અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરવાનો હતો. આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ મહિલાઓને આત્મનિર્ભર બનવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં આંગણવાડીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લાકક્ષાના માતા યશોદા એવોર્ડ એનાયત કરાયા હતા. આ સાથે મહાનુભાવોના હસ્તે બાળકને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભૂકંપ

જિલ્લામાં આજે ફરી ભૂકંપના આંચકાઓ અનુભવાયા. બપોરે **1:56** વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી **11** કિલોમીટર દૂર નોંધાયું છે. જ્યારે ભૂકંપની તીવ્રતા રેક્ટર સ્કેલ પર **3.5**-ની માપવામાં આવી હોવાનું ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

---------------------------------------------------------------------------------------

## ઠંડી

ઉત્તર ભારતમાં હિમવર્ષાના પગલે સરહદી કચ્છ જિલ્લામાં ઠંડીનો પારો ન્યૂનતમ સ્તરે પહોંચ્યો છે. આજે 7 ડિગ્રી લઘુતમ ઉષ્ણતામાન સાથે નલિયા સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડુ મથક રહ્યું હતું. ભુજમાં 11.2 અને કંડલામાં 14 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું છે.

વાતાવરણમાં આવેલા ફેરફાર વચ્ચે પવનની ગતિ 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની આસપાસ રહેતા ઠંડીની અસર વર્તાઈ રહી છે. ખાસ કરીને વહેલી સવારે પવનના સુસવાટાને કારણે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી છે અને લોકો દિવસ દરમિયાન પણ ગરમ કપડામાં સજ્જ જોવા મળ્યા હતા.

---